# BUSINESS મિત્ર

# શેરબજારમાં વીકલી એક્સપાયરીએ વેચવાલી હાવી રહી

**સેન્સેક્સે** 74000 અને નિફ્ટીએ 22400 પોઇન્ટની સપાટી તોડી

**આજે** ધૂળેટીના તહેવાર નિમિત્તે શેરબજાર બંધ રહેશે



**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 13:** ભારતીય શેરબજારમાં આજે વીકલી એકસપાયરીના દિવસે વેચવાલી હાવી રહી હતી અને સેન્સેકસે 74000 પોઈન્ટ અને નિફ્ટીએ 22400 પોઈન્ટની સપાટી તોડી હતી. આજે વીકલી એકસપાયરી તેમજ આવતીકાલે ધુળેટીના તહેવાર નિમિત્તે બજાર બંધ રહેશે અને શનિવાર અને રવિવારમાં રહાજ હોવાથી શેરબજાર બંધ રહેશે. આમ, મીની વેકેશનના લીધે શેરબજારમાં વેચવાલી હાવી રહી હતી.

ઈયુએ અમેરિકા ઉપર વ્હીસ્કીની ઉપર ટેરિફની જાહેરાત કર્યા બાદ આજે ટ્રમ્પે વળતા પ્રહારમાં 200 ટકા ટેરિફની ધમકી ઉચ્ચારી છે, જેના લીધે હજુય ટેરિફ વોરની અનિશ્ચિતતામાં વધારો કર્યો હતો, જેના પગલે શેરબજારમાં વધઘટ રહ્યા હતા. આમ તો શેરબજારમાં પોઝિટિવ શરૂઆત થઈ હતી, પણ અંતમાં વેચવાલી ચાલુ રહેતા નરમ બંધ રહ્યા હતા.

સંપત્તિઓ વેચીને એમટીએનએલને આશરે રૂ. 2500 કરોડ કમાણી થઈ હતી, જેના લીધે આવનારા દિવસોમાં મોનેટાઈઝેશનની રફતાર વધી હતી. જેના પગલે એમટીએનએલનો શેર રોકેટ બન્યો હતો.

આજે ફ્રન્ટલાઈન શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટમાં ખરાબ પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.77 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.62 ટકા ઘટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 1526 શેરો વધ્યા હતા, જ્યારે 2449 શેરો ઘટયા હતા, જેના પગલે 130 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 200.85 પોઈન્ટ એટલે કે 0.27 ટકા ઘટીને 74000 પોઈન્ટના સપાટી તોડીને 73818.91 પોઈન્ટના સ્તરે બંદ રહ્યા હતા. નિફ્ટીએ 22400 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 73.30 પોઈન્ટ એટલે કે 0.33 ટકા ઘટીને 22397.20 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22558 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22377 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 3.75 પોઈન્ટ એટલે કે 0.01 ટકા સુધરીને 48060.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે જયુબીલન્ટ ફાર્મોવામાં 4.36 ગણા, કેઈસી ઈન્ટરનેશનલ 2.69 ગણા, ઈન્ડયન બેન્કમાં 2 ગણા, જેબી કેમિકલ્સમાં 1.94 ગણાઅને બિરલા કોર્પમાં 1.89 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે મેગ્લોર રિફાઈનરી 7.68 ગણા, બિરલા કોર્પમાં 4.18 ગણા, એવન્યુ સુપરમાર્કેટમાં 3.67 ગણા, એલ્જી ઈક્વીપમેન્ટમાં 3.64 ગણા અને એફલ ઈન્ડિયામાં 3.49 ગણા કામકાજ નોંધાયા છે.

રિયલ્ટી શેરોમાં ઘટાડો નોંધાયો છે. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 1.83 ટકા ઘટયા હતા. જેમાં મેક્રોટેક ડેવલપર્સ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ફોનીક્સ મીલ્સ, ઓબેરોય રિયલ્ટી, રેમન્ડ, બ્રિગ્રેડ એન્ટર, ડીએલએફ અને શોભા ઘટયા હતા. બીજી તરફ, મહિન્દ્રા લાઈફસ્પેસ અને પ્રેસ્ટીજ એસ્ટેટ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન શેરોમાં સુધારો જોવાયો હતો. કારણ કે રોકાણકારો કોઈ મોટા ડેટા રિલીઝ થવાના બાકી નથી. યુએસ ટેક શેરોમાં રાતોરાત ઉછાળાને પગલે મોટાભગના એશિયન શેરો નીચા બંધ થયા હતા. જોકે, વેપાર તણાવ અને વૈશ્વિક થિંક અનિશ્ચિતતાઓ અંગે સતત ચિંતાઓ સુચવે છે કે બજારની અસ્થિરતા ટુંકસમયમાં દુર થઈ રહી નથી. હજુય વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતા ચાલુ રહેવાની સંભાવના જોવાઈ રહી છે.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -200.85 | 73828.91 |
| નિફ્ટી | -73.30 | 22397.20 |
| બેન્ક નિફ્ટી | 3.75 | 48060.40 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બીઇએલ | 1.17 | 280.07 |
| એસબીઆઇ | 0.66 | 727.85 |
| એનટીપીસી | 0.53 | 331.90 |
| સીપલા | 0.52 | 1461.90 |
| ICICI બેન્ક | 0.49 | 1250.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 2.73 | 619.55 |
| હીરો મોટોકોર્પ | 2.25 | 3529.15 |
| ટાટા મોટર્સ | 1.92 | 655.50 |
| હિન્દાલ્કો | 1.81 | 677.35 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 1.80 | 672.35 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબાઇ | 0.67 | 727.75 |
| ICICI બેન્ક | 0.62 | 1250.25 |
| એનટીપીસી | 0.48 | 331.70 |
| સન ફાર્મા | 0.45 | 1683.85 |
| ટાટા સ્ટીલ | 0.37 | 150.85 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઝોમેટો | 1.97 | 201.40 |
| ટાટા મોટર્સ | 1.95 | |
| ઇન્ડઇસન્ડ બેન્ક | 1.84 | 672.10 |
| મારૂતિ સુઝુકી | 0.93 | 11530.15 |
| એશિયન પેઇન્ટસ | 0.98 | 2228.95 |

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.07 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.31 ટકા અને ડેક્સ 0.38 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.08 ટકા, હેગંસેંગ 0.59 ટકા, તાઈવાન 1.44 ટકા, કોસ્પી 0.05 ટકા, જકાર્તા 0.27 ટકા અને શાંઘાઈ 0.39 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.13 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો વધુ 21 પૈસા ઉછળ્યો

કરન્સી બજારમાં અપેક્ષા કરતા સારા ડેટા અને ક્રુડ ઓઇલની કિંમતોમાં નબળાઇના કારણએ રૂપિયો સકારાત્કમ વલણ સાથે કારોબાર કરશે. જોકે, નબળા સ્થાનિક બજાર, ચાલુ ટ્રેડ વોર અને એફઆઇઆઇના આઉટફલોથી તીવ્ર તેજીને ટકાવી શકે છે. ભારતનો રિટેલ ફુગાવોફબ્રુઆરીમાં 4.26 ટકાથી ઘટીને 3.61 ટકા થયો છે. જે સાત મહિનાની નીચે છે, તેમજ ઔદ્યોગિક ઉત્પાદન સુધરી ગયો છે. ફેબ્રુઆરીમાં યુએસ રિટેલ ફુગાવો 2.9 ટકાના અનુમાનથી ઘટીને 2.8 ટકા થઇ ગયો હતો. જ્યારે કોર સીપીઆઇ 3.2 ટકાના અંદાજની તુલનામાં ઘટીને 3.1 ટકા પર આવી ગયો છે. જોકે, નબળા સ્થાનિક બજારે રૂપિયામાં કોઇ પણ તીવ્ર વધારા સામે અવરોધ તરીકે કામ કર્યુ હતું. આજે ડોલરની સામે રૂપિયો 21 પૈસા સુધરીને 87ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 87.21ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 94.56, પાઉન્ડ 112.98, કેનેડિયન ડોલર 60.41, ઓસ્ટ્રેલિયન ડોલર 54.81, જાપાનીઝ યેન 0.5874 અને સીંગાપોર ડોલર 64.92ના સ્તરે બંધ રહ્યા હતા.

## સતત પાંચમા દિવસે આઇટી શેરોમાં ઘટાડો, રોકાણકારોને રૂ. 8.4 લાખ કરોડનું નુકશાન

**ટેરિફ** વોરથી મંદીના એંધાણ: છેલ્લા એક મહિનામાં નાસ્ડેક 10 ટકા તૂટયો, જેથી ભારતીય આઇટી કંપનીઓના શેરો તૂટયા

મુંબઇ, તા. 13: ભારતીય આઇટી કંપનીઓમાં પાંચમા દિવસે ઘટાડો ચાલુ રહ્યો હતો. કારોબાર દરમ્યાન નિફ્ટીના આઇટી ઇન્ડેક્સ અડધા ટકાથી વધુ ઘટીને 36065.80 પોઇન્ટના સ્તર બંધ રહ્યા હતા. ઇન્ડેકસમાં સમાવિષ્ટ તમામ 10 શેરો લાલ નિશાનમાં કારોબાર કરી રહ્યા હતા. આ ઘટાડો ઇન્ફોસીસ, વિપ્રો અને પરસીસ્ટન્ટ સીસ્ટમ જેવી મોટી કંપનીઓએ કર્યો હતો. આ સાથે નિફ્ટી આઇટી ઇન્ડેક્સ તેની તાજેતરની ટોચથી હવે 21 ટકાથી વધુ ઘટીને ઘટીને મંદીના ઝોનમાં આવી ગયો છે. આ ઘટાડાના કારણે નિફ્ટી આઇટી ઇન્ડેક્સ માર્કેટ વેલ્યુ તેની તાજેતરની ટોચથી રૂ. 8.4 લાખ કરોડ ઘટી ગઇ છે.

નિફ્ટી આઇટી ઇન્ડેકસના 10માંથી 9 શેર પણ હવે મંદી માર્કેટ ઝોનમાં પહોંચી ગયા છે. સૌથી વધુ નુકશાન એલટીઆઇ માઇન્ડટ્રીના શેરમાં થયું છે, જેની કિંમતમાં 34 ટકાનો ઘટાડો થયો છે. તે જ સમયે ઇન્ફોસીસ અને ટીસીએસ જેવી મોટી બ્લુચિમ્પ કંપનીઓમાં 24 ટકા સુધીનો ઘટાડો થયો છે.

આ બધા શેરમાં એકમાત્ર અપવાદ વિપ્રો છે. વિપ્રોના શેરમાં તાજેતરની ટોચ પછી લગભગ 17 ટકાનો ઘટાડો થયો છે. આ પણ પોતાનામાં નોંધપાત્ર કરેકશન છે, પરંતુ સત્તાવાર રીતે 20 ટકાના ઘટાડા બાદ આ શેરને મંદી બજારની શરૂઆત માનવામાં આવે છે.

ટીસીએસના શેરમાં ઘટાડાથી તેની માર્કેટ કેપમાં રૂ. 3.8 લાખ કરોડનો ઘટાડો થયો છે. તેજ સમયે ઇન્ફોસીસના ઘટાડાના કારણે તેના બજારમાં 1.7 લાખ કરોડનો ઘટાડો થયો છે. એલટીટીએસ અને ખોફોર્જમાં માર્કેટ વેલ્યુમાં સૌથી ઓચો ઘટાડો જોવા મળ્યો છે. તેમની માર્કેટ કેપમાં તાજેતરની ટોચથી રૂ. 15000 કરોડ અને રૂ. 16000 કરોડનો ઘટાડો થયો છે.

બજારના જાણકારોનું કહેવું છે કે, અમેરિકી અર્થવ્યવસ્થામાં મંદીની આશંકા અને ટ્રમ્પ અર્થવ્યવસ્થામાં મંદીની આશંકા અને ટ્રમ્પ પ્રશાસનની ટેરિફ નીતિઓથી પેદા થયેલી અનિશ્ચિતતાના કારણે ભારતીય આઇટી કંપનીઓ પર દબાણ વધ્યું છે. આ કંપનીઓનું સૌથી મોટું માર્કેટ છે, જ્યાંથી તેમની 60થી 70 ટકા આવક ઉભી થાય છે.

વિશ્લેષકના જણાવ્યા અનુસાર અમેરિકી કંપનીઓ પોતાના આઇટી બજેટમાં ઘટાડો કરી શકે છે, જની અસર નાણાકીય વર્ષ 2026માં ભારતીય આઇટી કંપનીઓના અર્નિંગ ગ્રોથ પર પડી શકે છે. મોતીલાલ ઓસવાલે પોતાના રિપોર્ટમાં કહ્યું કે, વિવેકાધીન ખર્ચમાં વધારાની અપેક્ષા હવે એટલી મજબૂત રહી નથી જેટલી પહેલા લાગતી હતી. ખાસ કરીને યુએસ મંદી અને ટેરિફ વોરના ભયની અસર વૈશ્વિક બજારો પર પડી છે. છેલ્લા એક મહિનામાં નાસ્ડેક 10 ટકાથી વધુ તૂટયો છે, જની સીધી અસર ભારતીય આટી કંપનીઓના શેરો ઉપર પડી રહી છે.

## રોકાણકારો ગોલ્ડ ઈટીએફ તરફ વળ્યા, વૈશ્વિક સ્તરે રોકાણમાં 9.4 અબજ ડોલરનો વધારો

નવી દિલ્હી, તા. 13: અમેરિકા દ્વારા શરૂ કરવામાં આવેલા ટ્રેડ વોરને કારણે વૈશ્વિક સ્તરે વધી રહેલી અનિશ્ચિતતાને કારણે રોકાણકારો સુરક્ષિત ગણાતા સોનામાં રોકાણ કરી રહ્યા છે, જેના કારણે ફરી સોનાના ભાવ વધી રહ્યા છે. વધતા ભાવને કારણે સોનાની જ્વેલરીના વેચાણમાં ઘટાડો થયો હોવા છતાં રોકાણ માટે સોનાની માગમાં જબરદસ્ત વધારો થયો છે.

આ જ કારણ છે કે ફેબ્રુઆરીમાં વૈશ્વિક સ્તર પર ગોલ્ડ ઈટીએફમાં રોકાણ 3 વર્ષના ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયું છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર ફેબ્રુઆરી દરમિયાન રોકાણમાં 9.4 અબજ ડોલરનો વધારો થયો છે. માર્ચ 2022 પછી રોકાણની માંગમાં આ સૌથી મોટો માસિક વધારો છે.

વોલ્યુમની દ્રષ્ટિએ રોકાણમાં 99.9 ટનનો વધારો થયો છે. જાન્યુઆરીમાં રોકાણમાં 3 અબજ ડોલરનો વધારો થયો હતો. તે જ સમયે, ભારતમાં ગોલ્ડ ઈટીએફમાં રોકાણ ગયા મહિને 3.6 ટકા અથવા 22.04 મિલિયન ડોલર વધ્યું હતું, જેના કારણે ગોલ્ડ ઈટીએફની એયુએમ 6.2 અબજ ડોલર એટલે કે 54000 કરોડ રૂપિયા થઈ ગઈ છે.

વૈશ્વિક ટ્રેડ વોરની આશંકા અને ડોલરમાં નબળાઈની આશંકા વચ્ચે ફેબ્રુઆરીમાં સોનાના ભાવ અમેરિકન ડોલર સામે એક ટકા અને ભારતીય રૂપિયામાં ચાર ટકા વધ્યા હતા. ભારતીય શેરબજારમાં ઘટાડાને કારણે રોકાણકારો ગોલ્ડ ઈટીએફમાં વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૯૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૦૦ | વનસ્પતિ ઘી | ૨૫૪૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૩૨૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૮૦ | તલતેલ | ૫૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૮૦ | દિવેલ | ૨૪૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૪૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૮૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૮૯૫૦૦ |
| તેજાબી સોનું | ૮૯૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૮૫૦૨૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૮૭૭૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૮૯૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૦૦૭૦૦ |
| ચાંદી સિક્કા | ૧૦૨૨૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૪૦૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

# ભાજપ સરકાર ત્રણ વર્ષમાં ગંદી યમુના નદીને શુદ્ધ કરી શકશે ખરી?





દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં યમુના નદીનાં પાણીનો મુદ્દો બહુ ચગ્યો હતો. આમ આદમી પાર્ટીની સરકાર તેના શાસનનાં ૧૦ વર્ષમાં યમુના નદી સાફ કરી શકી નહોતી. ચૂંટણી નજીક આવી ત્યારે તેણે યમુના નદીનાં પ્રદૂષણ માટે હરિયાણાની ભાજપ સરકાર પર ઠીકરું ફોડી દીધું હતું. દિલ્હીમાં ભાજપની સરકાર આવી કે તેણે તરત જ જોરશોરથી યમુના નદીની સફાઈનું અભિયાન ચાલુ કર્યું છે અને જેટલી સફાઈ થઈ છે તેના કરતાં દસ ગણો પ્રચાર પણ ચાલુ કર્યો છે. ભારતીય જનતા પાર્ટી સતત દાવો કરી રહી છે કે આગામી ત્રણ વર્ષમાં દિલ્હીમાં યમુના સંપૂર્ણપણે સ્વચ્છ થઈ જશે. આ સંદર્ભમાં દિલ્હી સરકારના મંત્રી પ્રવેશ વર્માએ બુધવારે યમુનાની સફાઈના અભિયાનનું નિરીક્ષણ કર્યું હતું અને દાવો કર્યો હતો કે ટૂંક સમયમાં આ નદી ચમકવા લાગશે. યમુનાની સફાઈનું કામ છેલ્લા ૧૦ દિવસથી ચાલી રહ્યું છે. આ સમયગાળા દરમિયાન ૧,૩૦૦ મેટ્રિક ટન કચરો દૂર કરવામાં આવ્યો છે. આ માટે ટૂંક સમયમાં એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી યમુનાની સફાઈના કામ પર સીધી નજર રાખી રહ્યા છે.

દિલ્હીમાંથી વહેતી યમુના નદીને શુદ્ધ કરવાનું કાર્ય લોઢાના ચણા ચાવવા જેવું કઠિન છે. યમુના નદીમાં ઔદ્યોગિક કચરા ઉપરાંત શહેરની ગટરોનું કરોડો લીટર ગંદું પાણી કોઈ પણ જાતના શુદ્ધિકરણ વગર ઠાલવી દેવામાં આવે છે. ગટરનાં પાણીના સતત પ્રવાહને કારણે યમુનાનું પાણી કાળું દેખાય છે. દિલ્હીમાં ITO બેરેજ તરફ જતી યમુના નદી વાદળી રંગની જગ્યાએ કાળી થઈ ગઈ છે. DPCC ના ડેટા અનુસાર આ જગ્યાએ ૧૦૦ મિલીલીટર યમુના પાણીમાં ૬ લાખ ૯૦ હજારથી વધુ ફેકલ કોલિફોર્મ બેક્ટેરિયા હોય છે, જે માનવમળમાં જોવામાં આવે છે. સિગ્નેચર બ્રિજથી ITO અને ITOથી નિઝામુદ્દીન વચ્ચેનાં ઘણાં નાળાં યમુના નદીમાં જોડાય છે. નજફગઢ નામની નદી હવે નાળાંમાં રૂપાંતરિત થઈ ગઈ છે. તેમાં દિલ્હીની ૨૨ ગટરો ઠલવાય છે. નજફગઢ નાળાનું બધું ગંદું પાણી છેવટે યમુના નદીમાં ઠાલવી દેવામાં આવે છે. આ જ કારણ છે કે નિઝામુદ્દીન પુલ પાસે યમુનાના ૧૦૦ મિલીલીટર પાણીમાં ૪ લાખ ૬૧ હજારથી વધુ ફેકલ કોલિફોર્મ હોય છે, જ્યારે કોઈ પણ સામાન્ય નદીમાં આ સંખ્યા મહત્તમ ૨,૫૦૦ હોવી જોઈએ.

દિલ્હી સરકારના મંત્રી પ્રવેશ વર્માએ યમુના નદીમાં હોડીમાં બેસીને ૧૨ કિલોમીટર સુધી નદીની સ્વચ્છતાના ચાલી રહેલા કાર્યનું નિરીક્ષણ કર્યું હતું અને અધિકારીઓ સાથે પણ ચર્ચા કરી હતી. આ દરમિયાન પ્રવેશ વર્માએ દાવો કર્યો હતો કે હવે યમુનામાં ક્યારેય પૂર જેવી સ્થિતિ નહીં બને. આગામી ત્રણ વર્ષમાં યમુનાને સાફ કરવા માટે નવા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) બનાવવામાં આવશે અને હાલના STP ની ક્ષમતા વધારવામાં આવશે. આ ઉપરાંત CETP દ્વારા ફેક્ટરીનો કચરો સાફ કરવામાં આવશે અને નિયમોનું પાલન ન કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. હકીકતમાં દિલ્હી સરકારના ૩૭ STPમાંથી ૧૫ પ્લાન્ટ નિર્ધારિત પરિમાણોનું પાલન કરી રહ્યા નથી અને ગટરનાં પાણીને સાફ કર્યા પછી પણ તેઓ નિર્ધારિત માત્રા કરતાં વધુ કચરો યમુના નદીમાં ઠાલવી રહ્યા છે. આ ઉપરાંત દિલ્હી સરકારના બે પ્લાન્ટ હાલમાં બંધ છે.

એ કડવું સત્ય છે કે યમુના જેવી પવિત્ર નદી દિલ્હી પહોંચ્યા પછી ગંદા નાળામાં ફેરવાઈ ગઈ છે. યમુના નદીની સફાઈની દેખરેખ માટે નિયુક્ત કરાયેલી એક સમિતિના અહેવાલ મુજબ યમુનાના કુલ પ્રદૂષણમાં દિલ્હીનો હિસ્સો સૌથી વધુ છે. એ કહેવું વિડંબનાપૂર્ણ છે કે દિલ્હીમાં વઝીરાબાદથી ઓખલા સુધીનો યમુના નદીનો ૨૨ કિ.મી.નો વિસ્તાર આ નદીની લંબાઈના બે ટકાથી પણ ઓછો છે પણ સૌથી પ્રદૂષિત છે અને આ વિસ્તાર નદીના કુલ પ્રદૂષણમાં ૭૬ ટકા ફાળો આપે છે. રાજધાનીનાં મુખ્ય નાળાંઓ દ્વારા દરરોજ ૩૫૦ લાખ લિટરથી વધુ ગંદું પાણી અને પ્રક્રિયા ન કરાયેલું ગટરનું પાણી સીધું યમુના નદીમાં છોડવામાં આવે છે. આ ગંદા પાણીમાં ફોસ્ફેટ અને એસિડ પણ હોય છે, જે પાણીમાં ઝેરી ફીણ બનાવે છે, જે ગંભીર ચિંતાનો વિષય છે.

**ટુ ધ પોઇન્ટ ■ સમકિત શાહ**

યુપીએ સરકારે વર્ષ ૨૦૦૫માં સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે તેણે લંડનમાં થેમ્સ નદીની જેમ દિલ્હીમાં યમુના નદીને પ્રદૂષણથી મુક્ત કરવાની રણનીતિ તૈયાર કરી છે. કોર્ટે પણ આ યોજનાને સંમતિ આપી હતી, પરંતુ આ દિશામાં કોઈ નક્કર પ્રયાસો કરવામાં આવ્યા ન હતા અને યમુના નદી પહેલાં કરતાં વધુ ગંદી બની હતી. પાછળથી ૨૦૧૬ માં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે દિલ્હી સરકારે પણ આવો જ દાવો કર્યો હતો, પરંતુ તેનો દાવો ક્યારેય સાકાર થયો નથી.

એવું નથી કે યમુના નદીને પ્રદૂષણમુક્ત બનાવવાના પ્રયાસો થયા ન હતા. સરકારી અને બિનસરકારી સ્તરે પણ કાર્યક્રમો ચલાવવામાં આવ્યા, પરંતુ પરિસ્થિતિ બગડતી જ રહી છે. બે દાયકાથી પ્રયાસો કરવા છતાં યમુનામાં પ્રદૂષણને દૂર કરવામાં નિષ્ફળતા મળી છે. યમુના નદીની સ્થિતિ સુધારવા માટે ૧૯૯૩માં યમુના એક્શન પ્લાન બનાવવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ ૨૫ વર્ષ દરમિયાન ૧,૫૧૪ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. જો દિલ્હી સરકારની વાત કરીએ તો ૨૦૧૮ થી ૨૦૨૧ દરમિયાન યમુનાની સફાઈ માટે લગભગ ૨૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. આ બધા જ રૂપિયા યમુનાનાં ગંદાં પાણી સાથે વહી ગયા છે.

એ વાત જાણીતી છે કે સુપ્રીમ કોર્ટ છેલ્લાં ૧૮ વર્ષથી યમુનામાં પ્રદૂષણના મુદ્દા પર સુનાવણી કરી રહી છે. યમુના નદીને પ્રદૂષણમુક્ત બનાવવા માટે ઘણી વખત સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી, પરંતુ યમુના હજુ પણ ગંદી છે. અત્યાર સુધી, કોણ જાણે યમુના સફાઈ પ્રોજેક્ટ પર કેટલી બેઠકો અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ મામલો યોગ્ય દિશામાં આગળ વધ્યો નથી. આવી સ્થિતિમાં, આ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઉદ્ભવે છે કે યમુનામાં સફાઈ અભિયાન કેમ સફળ થઈ રહ્યું નથી. યમુનાના પ્રદૂષણને સમાપ્ત કરવા માટે વધુ પગલાં લેતાં પહેલાં સરકારોએ અગાઉની યોજનાઓની સંપૂર્ણ સમીક્ષા કરવી જોઈએ. આ યોજનાઓની ખામીઓ ઓળખવી જોઈએ અને તે મુજબ આગામી કાર્ય યોજના તૈયાર કરવી જોઈએ જેથી સફાઈકાર્ય અસરકારક રીતે અને સમયસર થઈ શકે. યમુનાને પ્રદૂષણમુક્ત બનાવવાની કોઈ પણ યોજનાની પ્રાથમિકતા યમુનામાં શુદ્ધિકરણ ન કરાયેલ ગટરના પાણીના નિકાલને સંપૂર્ણપણે બંધ કરવાની હોવી જોઈએ. જ્યાં સુધી આ શક્ય ન બને ત્યાં સુધી યમુનાને સ્વચ્છ રાખવું મુશ્કેલ બનશે.

યમુનાને પ્રદૂષણથી મુક્ત કરવા માટે આપણે લંડનમાં થેમ્સ નદીને સ્વચ્છ કરવા માટે શરૂ કરાયેલા અભિયાનમાંથી શીખવું જોઈએ. આજે યમુનાની ચિંતાજનક સ્થિતિ ગઈ સદીના છઠ્ઠા દાયકામાં લંડનમાં થેમ્સ નદી જેવી જ છે. પરંતુ રાજકીય ઇચ્છાશક્તિ અને જાહેર ભાગીદારીને કારણે આજે થેમ્સ વિશ્વની સૌથી સ્વચ્છ નદીઓમાંની એક છે. આ માટે બ્રિટિશ સરકારે ૮૨૪ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. ગટરોમાં ઇન્ટરસેપ્ટર ચેનલો સ્થાપિત કરવામાં આવી હતી અને મોટા ખાડા ખોદીને ગટરનાં પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી હતી. થેમ્સ ક્લીન અપ ઝુંબેશની ખાસ વાત એ છે કે થેમ્સ નદીના કિનારે પહોંચતાં બધાં લોકો પોતાની સાથે સફાઈનો તમામ સામાન લાવે છે. આખી નદીને સાફ કરવામાં આવે છે જેથી કોઈ પણ ભાગમાં ગંદકી ન રહે. ત્યાંનાં લોકોના જુસ્સા અને ઇચ્છાશક્તિનું પરિણામ છે કે ખૂબ જ ઓછા સમયમાં લોકોએ થેમ્સને તેના મૂળ સ્વરૂપમાં પાછી લાવી છે. અહીં એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે જ્યારે થેમ્સ નદી, જે એક સમયે વિશ્વની સૌથી પ્રદૂષિત નદીઓમાંની એક હતી, તેને પુનર્જીવિત કરી શકાય છે, તો પછી યમુના કેમ નહીં? ખરેખર, આ માટે મજબૂત રાજકીય અને વહીવટી ઇચ્છાશક્તિની જરૂર છે. લંડનની થેમ્સ નદી શુદ્ધ થઈ શકી તેનું કારણ ત્યાં ભ્રષ્ટાચારનો અભાવ છે. ભારતમાં નદીના શુદ્ધિકરણ પાછળ જેટલો ખર્ચો કરવામાં આવે છે તે રાજકારણીઓ અને સરકારી નેતાઓ મળીને હજમ કરી જાય છે. ભાજપ સરકાર સત્તામાં આવી ત્યારે તેણે ગંગા નદીને પણ શુદ્ધ કરવાનું વચન આપ્યું હતું. ભાજપ કેન્દ્રમાં અને રાજ્યોમાં સત્તા પર હોવા છતાં ગંગા નદી મેલી જ છે. તાજેતરમાં પ્રયાગરાજમાં કુંભમેળામાં કરોડો ભાવિકોએ મેલી ગંગામાં ડૂબકી લગાવી હતી. ભાજપ સરકાર આ હકીકતનો સ્વીકાર કરવાને બદલે આંકડાઓ દ્વારા જૂઠો પ્રચાર કરવામાં વ્યસ્ત છે.

**અહીં એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે જ્યારે થેમ્સ નદી, જે એક સમયે વિશ્વની સૌથી પ્રદૂષિત નદીઓમાંની એક હતી, તેને પુનર્જીવિત કરી શકાય છે, તો પછી યમુના કેમ નહીં?**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી — મંગળવાર, શુક્રવાર, રવિવાર — હવે શબ્દ દીઠ ₹૯ +(GST) — ઓછામાં ઓછા ૧૨ શબ્દો — : જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (1748)

**હિંચકાના કડાંવાલા**
તોડફોડ કર્યા વગર ,અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ Mobile: 9099663638

**KRUPA ENTERPRISES**
100% ગેરંટી સાથે તાપીથી વાપી સુધી બાંધકામને લાગતું કામ કરી આપવામાં આવશે. વોટર પ્રુફીંગ, ચાઈના મોઝેક, રૂડા વોટર પ્રુફિંગ, ભેજ ટ્રીટમેન્ટ, ટાઈલ્સ, કલરકામ કરનાર. જયદિપ રાવલ:- 9714530031, 9913923462 (1753)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડે**
(1) ચારધામ યાત્રા મેં (2) કાશ્મીર (3) સીમલા-મનાલી (4) અમરનાથ યાત્રા સાથે કાશ્મીર Mo. 9427803273,/ 9825142005, 0261-2416241 (1751)

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૦ વર્ષ પુરા કરી ૫૧ વર્ષમાં પ્રવેશ રેલ્વે ૨+૨ દ્વારા ઉત્તરાખંડ ચારધામ બદ્રીનાથ કેદારનાથ ગંગોત્રી યન્મોત્રી સાથે હરિદ્વાર તા- ૨૯/૪, ૧૧/૫, ૨૪/૫, ૬/૬/૨૦૨૫ દિ- ૧૫ (રેલ્વે બુકીંગ ૬૦ દિવસ પહેલા શરૂ થઈ ગયું છે) કાશ્મીર સાથે વૈષ્ણોદેવી તા ૧૭/૩, ૧/૪/૨૦૨૫ દિ. ૧૦ સંપૂર્ણ સગવડતા સહિત મળો દિપકભાઈ બોડીવાલા ૫- યોગી કોમ્પલેક્ષ ન્યુ રાંદેર રોડ સુરત ૯૮૨૫૧૪૪૧૪૩ , ૯૭૧૨૮૮૨૩૧૫ (1755)

**Anchor Shop for Sell**
110000/- ના માસિક ભાડામાં લોંગ લીઝ પર આપેલ ગેલેક્ષી સર્કલ, પાલ — Dhaval Cyclewala 98980 24032

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
જગન્નાથપુરી સાથે નેપાળ કામાખ્યા માતા, કલક્તા ગંગાસાગર તા- ૧/૪/૨૦૨૫, ૮/૫/૨૦૨૫ દિ. ૧૮ દક્ષિણ ભારત તિરૂપતિ રામેશ્વર કન્યાકુમારી માયસોર બેંગલોર તા-૧૭/૩ અને ૧/૪/૨૦૨૫ દિ. ૧૨ બુકિંગ ચાલુ છે. સંપૂર્ણ સગવડતા સહિત મળો દિપકભાઈ બોડીવાલા ૫- યોગી કોમ્પલેક્ષ ન્યુ રાંદેર રોડ સુરત મો- ૯૮૨૫૧૪૪૧૪૩ મો- ૯૭૧૨૮૮૨૩૧૫ (1754)

**પ્રોપર્ટી ભાડેથી આપવાની છે**
''પ્રાઈમલોકેશ'' હોસ્પીટલ, હોટલ, પર્સનલ વપરાશ માટે, 14901 SqFt. ભાવ - Rs. 65-70 SQFT. (Negotiable) વાસુપુજ્ય કોમ્પલેક્ષ, મધુવન સર્કલ પાસે, અડાજણ-સુરત 6352375182

**મહેક ટ્રાવેલ્સ**
(1) ચારધામ- તારીખ: 29/4, 11/5, 20/5, દિવસ-14. (2) કાશ્મીર- તારીખ- 15/4, 1/5, દિવસ- 8. (3) નેપાળ- તારીખ- 10/5, દિવસ- 18. (4) લેહલડાખ- તારીખ- 10/6. દિવસ- 9, ગ્રુપ બુકીંગ તથા તમારી સગવડ મુજબ પ્રોગ્રામ બનાવી આપવામાં આવશે. મળો- મુકેશભાઈ કાપડીયા: 9428993000, 9426813737

**ઉત્તરાખંડ હિમાલય ચારધામ યાત્રા**
(બદ્રી-કેદાર, ગંગોત્રી, યમનોત્રી) પ્રસ્થાન તા.: એપ્રિલ-૨૭, મે, ૭,૧૭, ૨૬ રેલ્વે બુકીંગ માટે ૬૦ દિવસ અગાઉ બુકીંગ કરાવવું જરૂરી છે. ઓનેસ્ટ હોલિડેઝ વધુ માહિતી તથા બુકીંગ માટે સંપર્ક M. : 94268 64486 UL-13, નીલ્જ એપાર્ટ, ઘોડદોડ રોડ, સુરત

મિલ્કત વેચવાની છે

**મકાન વેચવાનું છે**
આણંદ- વઘાસી રોડ, રેડ ચીલી હોટેલ પાસે, 54, દેવવાટીકા સોસાયટી 4 BHK, 1510 ચો. ફુટ બાંધકામ. મો. 9727795737

**143 વાર મોકાનું**
કોર્નર નવું રોહાઉસ વેચવાનું ફુલ ફર્નીચર સોલાર આનંદમહેલ 8487090274 (1786)

નોકરી વિષયક

**જોઈએ છે**
વાયરમેન હેલ્પર ડ્રાઈવર સ્ટ્રીટ લાઈટ ના કામ માટે ૭૯૯૦૪૧૨૩૫૨ (1784)

**જોઈએ છે**
લક્ઝરી બસના ઈલેક્ટ્રોનિક વાયરીંગ અને AC કામના અનુભવી કારીગર 9825593174, 9722559977

**જોઈએ છે.**
ઉઘરાણી ક્લાર્ક. ડાઈંગમીલ ના જાણકાર ટુ વ્હીલર લાઈસન્સવાળા રૂબરૂ મળો- સુપર સોલ્ટ સપ્લાયર્સ 157/2 જી.આઈ. ડી.સી. પાંડેસરા બેંક ઓફ બરોડા પાસે સુરત. કોન્ટેક- અકરમભાઈ 9879506945

**મસાલા પેકીના માટે**
પુરૂષ સ્ટાફ જોઈએ છે. 8- 10 હજાર પગાર (સમય- 9:30 to 8:00) (M) 9265470310

મિલ્કત લે-વેચ

**હોજીવાલામાં પ્લોટ**
લેવા/ વેચવા તથા ભાડેથી આપવાનાં છે, (સિદ્ધાર્થ શાહ):- 9998227450, (સતીશ શાહ):- 9825127450 9898027450 (1785)

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.